| | | |
|---|---|---|
| ધોરણ - 8 | મોડલ પેપર -**1** | સમય -3 કલાક |
| સત્ર -પ્રથમ | વિષય: સામાજિક વિજ્ઞાન | કુલ ગુણ - 80 |

સામાન્ય સૂચનાઓ.

1.તમામ વિભાગ **A**થી **E** ફરજિયાત છે.

2. દરેક પ્રશ્નની શરૂઆતમાં જમણી બાજુએ કૌંસમાં ઘાટા અંકોમાં ગુણ દર્શાવેલ છે.

**3.** દરેક પ્રશ્નના જવાબ માગ્યા મુજબ જ લખો.

## વિભાગ–A

**નીચે આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉતર આપો. (ગુણ – 16)**

( 1 ) ભારતની ભૂમિ પર પગ મૂકનાર સૌ પ્રથમ અંગ્રજ કોણ હતા ?

(A) દુપ્લે (B) સર ટોમસ રો (C)હોકિન્સ (D) ડેલહાઉસી

( 2)સર ટોમસ રોએ મુઘલ શાસક જહાગીર પાસેથી કયા સ્થળે વેપારી કોઠીઓ સ્થાપવાની પરવાનગી લીધી હતી ?

(A)કોલકાતા(B)આગ્રા(C)સુરત(D)ગોવા

(3) વાતાવરણમાં કયો વાયુ ઓકિસજનનાં જલદપણાને મંદ કરે છે ?

(A)ઓઝોન(B) નાઈટ્રોજન (C)હિલિયમ(D) કાર્બન ડાયોકસાઈડ

(4) રેડિયો અને દૂરદર્શનનાં પ્રસારણ કયા આવરણને આભારી છે ?

(A) વાતાવરણ (B) મૃદાવરણ (C) જલાવરણ(D) જીવાવરણ

(5) ભારતીય બંધારણ સભાનાં ખરડા સમિતિનાં અધ્યક્ષ કોણ હતા ?

(A) સરદાર વલ્લભભાઈ (B) જવાહરલાલ નહેરૂ (C) ડો.ભીમરાવ આંબેડકર (D) ડો.રાજેન્દ્ર પ્રસાદ

(6)વિશ્વનું સૌથી મોટુ લેખિત બંધારણ કયા દેશનું છે ?

(A) અમેરિકા(B)ઇગ્લેન્ડ (C) ભારત (D) ચીન

(7) ભારતમાં સહાયકારી યોજના અમલમાં મૂકનાર અંગ્રેજ ગવર્નર કોણ હતા ?

(A) લોર્ડ ડેલહાઉસી(B) લોર્ડ વેલેસ્લી (C)વિલીયમ બેન્ટિંક(D)લોર્ડ મેકોલે

(8) જંગલોમાં લાગતી આકસ્મિક આગને શું કહે છે ?

(A) દાવાનળ (B) ભૂસ્ખલન(C) જવાળામુખી (D) લાવારસ

(9) ભારતમાં એક માત્ર જવાળામુખી કયાં આવેલો છે ?

(A) લક્ષદ્વિપ (B) આંદામાન નિકોબાર(C) દિવ–દમણ (D) એક પણ નહિ

(10) ભારતમાં સૌપ્રથમ રેલ્વેની શરૂઆત કયા બે શહેરો વચ્ચે થઈ હતી ?

(A) મુંબઈ થી ગોવા(B) થાણા થી ગોવા (C) મુંબઈ થી થાણા (D) મુંબઈ થી કોલકાતા

(11)'વિશ્વઓઝોનદિવસ'કયારે ઊજવાય છે ?

(A) ૧૬ સપ્ટેમ્બર(B) ૨૧ માર્ચ (C) ૫ જુન(D) ૧૧ જૂલાઈ

(12) સૌરઉર્જા , પવનઉર્જા , ભરતીઉર્જા એ કયા પ્રકારનો ઉર્જા સ્ત્રોત છે ?

(A) નવીનીકરણીય ઉર્જા સ્ત્રોત (B) પરંપરાગત ઉર્જા સ્ત્રોત (C)બિન પરંપરાગત ઉર્જા સ્ત્રોત (D) એક પણ નહિ

(13) 'ડેમોક્રેસી'શબ્દ શેના માટે વપરાય છે ?

(A) લોકશાહી (B) રાજાશાહી (C)સરમુખત્યારશાહી(D)નોકરશાહી

(14)દેશનાં વડાપ્રધાનની નિમણૂંક કોણ કરે છે ?

(A) મંત્રીમંડળ (B) રાજયપાલ (C) ઉપરાષ્ટ્રપતિ (D) રાષ્ટ્રપતિ

(15) ઈ.સ.–૧૮૫૭ નાં સ્વાતંત્ર સંગ્રામમાં ભારતીય અને અંગ્રેજ સૈનિકોનું પ્રમાણ કેટલુ હતું ?

(A)૬:૧ (B) ૧:૬(C) ૭:૧ (D) ૫:૧

(16)'એન્ફિલ્ડ રાઈફલ' માં વપરાતી કારતૂસો બનાવવા માટે કયાકયા પ્રાણીઓની ચરબીનો ઉપયોગ થયો હતો ?

(A) ગાય અને બકરી (B) ગાય અને ડુકકર (C) ગાય અને ભેંસ (D) ગાય અને ઊંટ

## વિભાગ–B

**નીચે આપેલી ખાલી જગાઓ પૂર્ણ કરો. (ગુણ – 4)**

(17)વિશ્વમાં સરેરાશ નાગરિક ................ મેટ્રિક ટન કાર્બનવાયુ છોડે છે.

(18) લોકસભાની ચુંટણી સામાન્યરીતે દર ................ વર્ષે થાય છે.

(19) બંધારણ ઘડતરની પ્રક્રિયામાં ................ જેટલી બેઠકો યોજાઈ હતી.

(20) પૃથ્વી પર છેલ્લા ૧૦૦ વર્ષોમાં તાપમાનમાં .................... સેલ્સિયસનો વધારો થયો છે.

**નીચે આપેલા વિધાનો ખરા છે કે ખોટા તે જણાવો.** **(ગુણ – 4)**

(21) ભૂકંપ કેન્દ્રથી પૃથ્વીની સપાટી નજીકનાં સ્થળને ભૂકંપ નિર્ગમન કેન્દ્ર કહે છે.

(22)ઈ.સ.–૧૭૬૦ માં બંગાળામાં દારૂણ દુષ્કાળ પડયો હતો.

(23) સાર્વભૌમત્વ એ 'રાજય'નું અનિવાર્ય લક્ષણ નથી.

(24) મંગલ પાંડેનો જન્મ બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો.

(25)**નીચે આપેલા જોડકાઓ યોગ્ય રીતે જોડો.** **(ગુણ – 4)**

| 'અ' | 'બ' | જવાબ |
|---|---|---|
| (A) કોલંબસ | (1) ભારત આવવાનો નવો જળમાર્ગ | ( A ........ ) |
| (B)વાસ્કો–દ–ગામા | (2) ભારતમાં અંગ્રેજી શિક્ષણની શરૂઆત | ( B ........ ) |
| (C) લોર્ડ ડેલહાઉસી | (3) અમેરિકાની શોધ | ( C ........ ) |
| (D) લોર્ડ મેકોલે | (4) ખાલસાનીતિ | ( D ........ ) |
| | (5) સહાયકારી યોજના | |

**મને ઓળખો.(ગુણ – 4)**

(26) અમને અમેરિકાનાં મૂળવતનીઓ તરીકે ઓળખવામાં આવે છે. ...........................

(27) મે અંગ્રેજ ગવર્નર તરીકે સમયમાં કાયમી જમાબંધી પધ્ધતિ અમલમાં મૂકી. ...........................

(28)ઈ.સ.–૧૯૭૨ માં મારા પાટનગર સ્ટોકહોમ ખાતે 'પર્યાવરણ બચાવો' બેઠક મળી હતી. ...........................

(29) મે ઈ.સ.–૧૮૫૭ નાં સ્વાતંત્ર્ય સંગ્રામમાં દિલ્હીની નેતાગીરી સંભાળી હતી. ...........................

**નીચે આપેલા વિધાનોમાંથી ખોટો શબ્દ કાઢી વિધાન ફરીથી લખો.** **(કોઈ પણ ચાર)** **(ગુણ – 4)**

(30) પૃથ્વી સૂર્ય / ચંદ્ર માંથી છૂટી પડી હતી.

(31) બંધારણ ઘડતરની કામગીરી ૯ ડિસેમ્બર , ૧૯૪૫ / ૧૯૪૬ થી શરૂ થઈ હતી.

(32) નાના ફડનવીસનાં અવસાન પછી મરાઠા / શીખ વચ્ચે ઝઘડા થયા હતા.

(33) સમુદ્રમાં આવતા શકિતશાળી વિનાશક મોજાને પૂર / ત્સુનામી કહે છે.

(34) ગુજરાતમાં રાજયસભાની કુલ ૧૧ / ૧૩ બેઠકો છે.

**નીચે આપેલા પ્રશ્નોનાં એક–બે વાકયમાં ઉત્તર આપો. ( કોઈ પણ ચાર) (ગુણ – 4)**

(35) બંધારણ એટલે શું ?

(36) ભાગલા પાડો અને રાજ કરોની નીતિ કયા અંગ્રેજ ગવર્નરે અમલમાં મૂકી ?

(37) ભૂકંપ એટલે શું ?

(38) ભારતમાં આધુનિક તાર–ટપાલ પધ્ધતિની શરૂઆત કયારે થઈ હતી ?

(39) કાનપુરનાં આગેવાન નાના સાહેબ પેશ્વાએ સૈન્યની આગેવાની કોને સોંપી હતી ?

## વિભાગ–C

**નીચે આપેલા પ્રશ્નોનાં બે–ત્રણ વાકયમાં ઉત્તર આપો. (કોઈ પણ ત્રણ) (ગુણ – 6)**

(40) ભારતમાં સૌપ્રથમ અને સૌથી છેલ્લે કઈ યુરોપિયન પ્રજાઓ આવી હતી ?

(41) ભારતમાં અંગ્રેજોએ કઈ કઈ નીતિઓથી પોતાનું સામ્રાજય વિકસાવ્યું હતું ?

(42)વિલીયમ બેન્ટિંકે ભારતમાં કયા કયા સુધારાઓ કર્યા ?

(43) ગ્રીન હાઉસ ઈફેકટ એટલે શું ?ગ્રીનહાઉસ વાયુઓ કયા કયા છે ?

**નીચે આપેલા પ્રશ્નોનાં ટૂંકમાં ઉત્તર આપો.– (કોઈ પણ ત્રણ) (ગુણ – 6)**

(44) યુરોપિયન પ્રજાઓને નવા જળમાર્ગો શોધવાની જરૂર શાથી પડી ?

(45) પૃથ્વી પર કેટલા આવરણો છે ? કયા કયા ?

(46) ભૂકંપ થવાનાં મુખ્ય કારણો કેટલાં છે ?કયાં કયાં ?

(47)બિન પરંપરાગત ઉર્જાનાં સ્ત્રોતાો કયાં કયાં છે ?

**નીચે આપેલા વિધાનોને કારણ આપી સમજાવો . ( કોઈ પણ ત્રણ ) (ગુણ – 6)**

(48) ભારત બિનસાંપ્રદાયિક દેશ છે.

(49)બ્રિટીશ શાસન હેઠળ ભારતમાં ઉદ્યોગ–ધંધા નાશ પામ્યા.

(50) વૈશ્વિક તાપમાનમાં વધારો થઈ રહયો છે.

(51) રાજયસભા એ કાયમી ગૃહ છે.

## વિભાગ–D

**નીચે આપેલા પ્રશ્નોનાં ચાર–પાંચ વાકયમાં ઉત્તર આપો.– (કોઈ પણ ત્રણ) (ગુણ – 9)**

(52)પ્લાસીનું યુધ્ધ કોની કોનીવચ્ચે થયું હતું ? તેનું શું પરિણામ આવ્યું ?

(53) આપણા બંધારણની મુખ્યવિશેષતાઓ કઈ કઈ છે ?

(54) ભૂસ્ખલન એટલે શું ? તે કેવા વિસ્તારોમાં વધુ થાય છે ?

(55)ઈ.સ.–૧૮૫૭ નાં સ્વાતંત્ર્ય સંગ્રામનાં ઉદ્દભવનાં મુખ્ય કારણો કયા કયા હતા ?

**ટૂંકનોંધ લખો.– (કોઈ પણ બે) (ગુણ – 8)**

(56)મૃદાવરણ.

(57) અંગ્રેજ શાસન સમયે ભારતીય ખેડૂતો અને ખેતી પર થયેલી અસરો.

(58) સંસદ.

## વિભાગ–E

**ભારતનાં નકશામાં નીચેની વિગતોયોગ્ય રીતે દર્શાવી નકશા પૂર્તિ કરો. (કોઈ પણ પાંચ) (ગુણ – 5)**

(59) ઈ.સ.–૧૮૫૭નાં સ્વાતંત્ર સંગ્રામનું કેન્દ્ર દિલ્હી.


(60) પોર્ટુગિઝોનીવેપારી કોઠી ગોવા.

(61) સહાયકારી યોજનાં સ્વીકારનાર અયોધ્યા.

(62) ખાલસાનીતિનો ભોગ બનનાર પંજાબ.

(63) ઈ.સ.–૧૮૫૭નાં સ્વાતંત્ર સંગ્રામનું કેન્દ્ર મેરઠ.

(64)ઈ.સ.–૧૮૫૭નાં સ્વાતંત્ર સંગ્રામનું કેન્દ્ર બનારસ.


300 km
200 mi
उ